"પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ" અને
"નાલંદા એવોર્ડ" આપવા માટેની એવોર્ડ
પસંદગી નિર્ણાયક સમિતિમાં બિન સરકારી
સભ્યોની નિમણૂક કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૮/૫૭૪૦૨૦/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૦૨/૨૦૧૯

વંચાણમાં લીધા:-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૧/૧૨/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૦૩/ન.બા.-૨/અ
૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૧/૧૨/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૦૩/ન.બા.-૭/અ
૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૭/૦૧/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૦૩/ન.બા.-૭/અ
૪. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૭/૦૪/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૩/ન.બા.-૨/અ
૫. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૭/૦૪/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૩/ન.બા.-૭/અ
૬. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૪/૦૨/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૩/ન.બા.-૨/અ
૭. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૪/૦૩/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૩/ન.બા.-૭/અ
૮. નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૧૫/૦૫/૨૦૧૫નો પત્ર ક્રમાંક: વિજાક-જન-એવોર્ડ-૨૦૧૫-૧૬/૪૬૮

આ મુ ખ :

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સહિત વિકસતી જાતિના લોકોને સામાજિક ન્યાય અને માનવ અધિકારો પ્રાપ્ત કરાવવા તથા પછાત વર્ગોમાં જાગૃતિ લાવવા અને તેમના જીવનમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરીને રૂઢિગત પ્રથાઓ અને પ્રણાલીઓમાંથી બહાર લાવી તેઓને શૈક્ષણિક, આર્થિક તેમજ સામાજિક

ક્ષેત્રે અન્ય સમાજની હરોળમાં લાવવા માટે યોગદાન આપનાર **વ્યક્તિને** વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૨૧/૧૨/૨૦૦૪ના ઠરાવથી **"પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ"** અને **સંસ્થાને** વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૨૧/૧૨/૨૦૦૪ના ઠરાવ અને ક્રમાંક: (૩) પરના તા.૨૭/૦૧/૨૦૦૫ ઠરાવથી **"નાલંદા એવોર્ડ"** આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૪) અને (૫) પરના તા.૦૭/૦૪/૨૦૦૫ના ઠરાવોથી આ બન્ને એવોર્ડની શરતો અને એવોર્ડ માટે ભલામણ કરવાની વિધિમાં ફેરફાર કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૬) પરના તા.૦૪/૦૨/૨૦૦૫ના ઠરાવથી **"પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ"** અને ક્રમાંક: (૭) પરના તા.૨૪/૦૩/૨૦૦૫ના ઠરાવથી **"નાલંદા એવોર્ડ"** આપવા માટે રચવામાં આવેલ એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિને ૦૩(ત્રણ) વર્ષ થતાં આ બન્ને સમિતિઓની મુદત પૂર્ણ થયેલ છે. આ બન્ને સમિતિઓની મુદત પૂર્ણ થતાં વંચાણે લીધેલ ક્રમાંક: (૮) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૧૫/૦૫/૨૦૧૫ના પત્રથી નવી એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની રચના કરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

## ઠ રા વ :

૧. કાળજીપૂર્વકની વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સહિત વિકસતી જાતિના લોકોને વિવિધ ક્ષેત્રે અન્ય સમાજની હરોળમાં લાવવા માટે યોગદાન આપનાર વ્યક્તિ માટેના **"પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ"** અને સંસ્થા માટેના **"નાલંદા એવોર્ડ"** આપવા માટેની એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિમાં ઉપાધ્યક્ષ તરીકે માન.રા.ક.મંત્રીશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણનો સમાવેશ કરવાનું તથા આ બન્ને એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની નીચે મુજબ રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

| | | |
|---|---|---|
| ૧ | માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષશ્રી |
| ૨ | માન.રા.ક.મંત્રીશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ | ઉપાધ્યક્ષશ્રી |
| ૩ | શ્રી બાબુભાઇ બોખીરીયા, માન.ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| ૪ | શ્રી રણછોડભાઇ રબારી | સભ્યશ્રી |
| ૫ | શ્રી દિનેશભાઇ ટોળીયા - રાજકોટ | સભ્યશ્રી |
| ૬ | શ્રી દિનેશ આનાવાડીયા - બનાસકાંઠા | સભ્યશ્રી |
| ૭ | અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| ૮ | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું | સભ્ય સચિવશ્રી |

૨.  **"પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ"** આપવા માટેની એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની શરતો વંચાણે લીધેલ ક્રમાંક: (૬) પરના વિભાગના તા.૦૪/૦૨/૨૦૦૫ના ઠરાવ તથા ત્યારબાદ કરવામાં આવેલ સુધારા અનુસાર રહેશે.

૩.  **"નાલંદા એવોર્ડ"** આપવા માટેની એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની શરતો વંચાણે લીધેલ ક્રમાંક: (૭) પરના વિભાગના તા.૨૪/૦૩/૨૦૦૫ના ઠરાવ તથા ત્યારબાદ કરવામાં આવેલ સુધારા અનુસાર રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
**અધિક સચિવ**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

પ્રતિ,

- નિયામકશ્રી,
  વિકસતિ જાતિ કલ્યાણ ખાતું,
  બ્લોક નં.-૪/૩જો માળ, ડો. જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.

**નકલ સવિનય રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી(વિ.જા.ક./અ.જા.ક.) મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ.